## <u>શ્રી રામકબીર મંદિર, મુંબઈનાં નવનિર્માણ માટે</u>
## <u>પરદેશ સ્થિત ભક્તસમાજના બંધુઓને નમ્ર અપિલ...</u>

આજથી ૩૮ વર્ષ પહેલા મુંબઇમાં આપણું મંદિર હોવું જોઇએ, અને સાથે પરદેશથી આવન-જાવન કરતા ભક્તજનોને એકાદ-બે રાત્રિના વિસામા માટેની સુવિધા પણ પ્રદાન થઇ શકે. **<u>આ વિચારને ભારત સ્થિત કરતા વિશેષ પરદેશ સ્થિત ભક્તજનો દ્વારા જબરદસ્ત પ્રતિસાદ સાંપડયો હતો.</u>** તત્કાલીન સમાજના આગેવાનો દ્વારા જબરદસ્ત આ ભગીરથ કાર્યને પહોંચી વળવા સંઘર્ષ કર્યો હતો. આ કાર્યમાં ૧૯૭૦ થી ૧૯૭૨ ના વર્ષના સમયે અમેરિકામાં વિશેષ કરીને વિદ્યાર્થીઓ અભ્યાસ માટે પહોંચ્યા હતા. વિદ્યાર્થીઓના આર્થિક રીતે કપરા સંજોગો હોવા છતાં જબરદસ્ત પ્રતિસાદ હસ્તે મુખે આપ્યો, **<u>અને મનમાં એક જ ધુન આપણા સમાજનું મંદિર મુંબઈમાં નિર્માણ થાય તેમાં હું પણ મારૂં યોગદાન આપુ, એ જ રીતે તે સમયે અમેરિકા સ્થિત આપણા સમાજના તમામ ભક્તજનોએ પણ અત્યંત દિલથી સહકાર આપેલ,</u>** કાર્યનો શુભારંભ કરવામાં ઘણો વિલંબ થયો હતો. શંકા-કુશંકા નિર્માણ પણ થઇ હતી, પરંતુ સારા કામમાં વિઘ્નો દૂર થતા હોય તેમ કામને જબરદસ્ત સફળ બનાવવામાં પનામા સ્થિત મિત્રો દ્વારા ખુબ જ સુંદર સહકાર પ્રાપ્ત થયો, અને આ ઉત્સાહ જગાવવામાં સ્વ. શ્રી ગોકળભાઇ ભક્તિભાઇ વાવ નો સિંહફાળો હતો. મંદિરને પૂર્ણ કરવા માટેના આર્થિક સિહફાળો એમના દ્વારા મળેલ.

(આપણા વડવાઓએ કબીરના આ સિદ્ધાંતને સુચારૂ પણે નિભાવી સમાજને એક નવી દિશા આપી સમાજના પાયા સ્થિર કર્યા...

**દાન દિયે ધન ના ઘટે, નદી ના ઘટે નીર ।**
**અપની આંખો દેખિયે, યો કથિ કહે કબીર ।।**

**''દાન આપવાથી ધન ક્યારેય ઘટતુ નથી... સમાજ માટે વપરાયેલ ધન તો ચારગણુ વધવા પામે છે''** આ નિર્માણ થયેલ મંદિર જે સમયે બનેલ તે સમયે સમગ્ર ભારતમાં સિમેન્ટની તીવ્ર અસર વર્તાતી હતી. આવા સમયે નિર્માણ થયેલ મિલ્કત અત્યંત ઝડપથી ક્રમશઃ ક્ષીણથઇ રહી છે. આના કારણે મુંબઇ કોર્પોરેશન પણ આવા સમયે નિર્માણ થયેલ મિલ્કતોને નવેસરથી બનાવવા બાબતે આગ્રહી છે. મંદિરને અદ્યતન રાખવા માટે પ્રતિ વર્ષ ખુબ જ મોટો ખર્ચ થતો હોય છે. છેલ્લા દશ વર્ષમાં આશરે રૂા. ૧ કરોડ કરતા વધુ રકમ રીનોવેશન અને રીપેરીંગ માટે ખર્ચ કરેલ છે. તેમ છતાં પણ મિલકતને સંપુર્ણ કક્ષાનું બનાવવું અશક્ય હોય, નવેસરથી મંદિરને હજુ **<u>ઘણુ સારૂ સુવિધાસભર બનાવવા બાબતે</u>** નિર્ણય કરેલ છે. હાલ ૭૦૦૦ સ્કવેર ફુટ જેટલા વિસ્તારનું બાંધકામ છે, તેમાં વધારો કરી ૧૪૦૦૦ સ્કવેર ફુટ જેટલા વિસ્તારનું બાંધકામ કરવું. જેથી હાલ કુલ ૧૮ જેટલા રૂમો છે તેમાં વધારો કરી ૩૬ જેટલા રૂમો બનાવી શકાય, અને આમ થવાના કારણે હાલ જે આપણા સમાજના બંધુઓને નવેમ્બર-ડીસેમ્બર-જાન્યુઆરીના સમયમાં કેટલીક વખત અગવડો પડે છે, તેને નિવારવા માટેનો આજ એક માત્ર ઉકેલ છે.

મંદિરને યથાવત આજ જગ્યા ઉપર બાંધકામ કરવા બાબતે ખુબ જ ચર્ચા કર્યા બાદ નિર્ણયો લેવાયા છે. જે જગ્યા પર મંદિર છે તે અત્યંત કિંમતી જમીન ધરાવતો વિસ્તાર છે.

સમાજના દરેક વ્યક્તિને તમામ પ્રકારની સુવિધાસભર નજીક જ ખરીદી માટે માર્કેટ છે. સમાજના વ્યક્તિઓને કામો, આરોગ્ય વિષયક સુવિધા-વિઝા અંગેની કામગીરી-ડોમેસ્ટીક સ્થળો પર જવા માટેની સુવિધા, રોડ-રેલ્વે નજીકથી સંકડાયેલ આપણું મંદિર છે.

વિશેષ જે સ્થળ ઉપર મંદિર આવેલ છે, તે વિસ્તારમાં વસતા લોકો મહદ્અંશે ગુજરાતી છે તથા અત્યંત શાંત અને કોઇપણ પ્રકારના દુષણોથી દુર છે. અત્યાર સુધીનાં અનુભવના કારણે આપણે કહી શકીએ. ક્યારે મંદિરમાં ગમે તેટલી કોલાહલ રાત્રીના સમયે આવન-જાવન હોય ત્યારે પણ આપણને કોઇ મુશ્કેલીઓ ઉભી કરી નથી. આવા સુંદર વાતાવરણ વચ્ચે બધાને અનુકુળ હોય તેવુ સ્થળ છે.

મુંબઇ હાલના એરપોર્ટ બાબતે મહદ્ અંશે આપણે આપણા સ્થળથી (કડોદરાથી મુંબઇ મંદિર) ૨૬૨ કિ.મી. ના અંતરે આવેલ છે. જ્યારે આપણા મંદિરથી નવુ બનનાર એરપોર્ટ ૪૨ કિ.મી. દુર આવેલ છે. જ્યારે કડોદરાથી નવુ મુંબઇ એરપોર્ટ-૨૮૮ કિ.મી. દુર છે. જેથી કુલ મુંબઇ થઇને નવા એરપોર્ટ પર જઇએ તો ૩૦૪ કિલોમીટર થશે. જેથી ફક્ત ૧૬ કિલોમીટરના અંતરનો જ ફેર પડે છે. આનાથી વિશેષ નવુ એરપોર્ટના સ્થળે બધા ઇન્ફ્રાસ્ટ્રક્ચર થતા પણ વર્ષો લાગશે. વળી ત્યાંની લોકાલીટી મરાઠી લોકોની છે. ડોમેસ્ટીક એરપોર્ટ તરીકે તો આજ એરપોર્ટ પર કાયમ રહેવા પામશે. આવા અનેક હકારાત્મક પોઇન્ટો હોવાના કારણે આપણે આપણા મંદિરને આપણા હાલના સ્થળ પર જ નિર્માણ કરીએ, એ જ હિતાવહ છે. તેમજ નવી મુંબઇમાં શહેરો દ્વારા આવા જાહેરનાં ટ્રસ્ટો ફાળવણીના નિયમોમાં ન્યુ-મુંબઇના ઓછામાં ઓછા બે ટ્રસ્ટીઓ આવશ્યક છે. જે પણ એક આપણા માટે શક્ય નથી. ઓપન માર્કેટમાંથી ખરીદ કરી પ્લોટને રાખી સાચવવુ પણ મુંબઇમાં કઠિન હોય છે. આવા તમામ પાસાઓના આધારે આપણે આપણું મંદિર હાલની જગ્યા પર જ નિર્માણ કરીએ એ હિતાવહ છે.

ટ્રસ્ટીઓ દ્વારા ભક્ત સમાજ સિવાયના વ્યક્તિઓ માટે જે ભલામણ પત્ર લખવામાં આવે છે તે બાબતે સમાજના ઘણા વ્યક્તિઓ દ્વારા નારાજગી દર્શાવાય છે. આ બાબતે એટલી જ સ્પષ્ટતા કરીએ આ આપણુ ટ્રસ્ટ એ ચેરીટેબલ ટ્રસ્ટ છે. કોઇ નાત-જાતના ભેદ વગર કામ કરવા માટેનો ઉદ્દેશ હોય છે. આપણે આ બાબતે કોઇ પણ નિર્ણય વિવેકપૂર્વક કરવો પડતો હોય છે. તેમ છતાં આપણા સમાજનાં વ્યક્તિને પ્રાથમિકતા મળે તે માટે નવેમ્બરથી જાન્યુઆરી માસમાં ફક્ત સમાજના વ્યક્તિઓ માટે સંપુર્ણ ઉપયોગ થાય તે બાબતે ટ્રસ્ટી મંડળે સકારાત્મક વિચારણા કરી જ છે.

**<u>સમાજનાં વ્યક્તિઓ દ્વારા મંદિરમાં પોતાનાં રોકાણ માટેની સુવિધા બાબતે...</u>**

અત્યાર સુધી આપણે એવી કોઇ રીઝર્વેશન પ્રથા અમલી નથી બનાવી. એની પાછળનો એકમાત્ર ઉદ્દેશ સમાજનાં તમામ ભક્તજનોમાં કોઇ વિવાદ ઉભો ન થાય, સમાજનો વ્યક્તિ પ્રથમ મંદિર પર પહોંચે તે વ્યક્તિને જગ્યા હોય તો ફાળવણી કરવામાં આવે છે, આ બાબતે ઘણાં વારંવર સુચનો રીઝર્વેશન માટેની નિતિ લાગુ કરવા બાબતે મળેલ છે, આ બાબતે શક્ય એટલા પ્રયાસો કરી આ પદ્ધતિને સહિયારા પ્રયાસોથી અમલી બનાવીએ.

(૧) અગાઉથી પોતાનાં આગમનની જાણકારી કરી હોય તેમના માટે જે તે દિવસ માટે ઉપલબ્ધતા રૂમોની હોય તો તે મુજબ રૂમો આરક્ષિત કરવા (આવી સુચના ઓછામાં ઓછા ત્રણ દિવસ અગાઉ કરવામાં આવે તે જરૂરી).

(૨) સામાન્ય રીતે નવેમ્બર-ડીસેમ્બર-જાન્યુઆરીના સમયગાળામાં સમાજનાં ઘણાં વ્યક્તિઓનું આગમન થતું હોય તેને ધ્યાનમાં રાખી સંપુર્ણપણે સમાજનાં વ્યક્તિઓ માટે જ આરક્ષિત રાખવામાં આવશે.

(૩) યાત્રિકો મહતમ્ - ૭ દિવસ સુધી સળંગ રોકાણ કરી શકશે.

(૪) યાત્રિકોને માટે સવારે ૧૧:૦૦ સુધી એક દિવસના ધોરણ લાગુ પડશે.

(૫) યાત્રિકોની યાદી ભક્ત સમાજનો વ્યક્તિ જોઇ શકશે.

(૬) ભક્ત સમાજનાં વ્યક્તિઓને રોકાણ માટેની સંપૂર્ણ સુવિધા મળી રહે તે માટે પ્રયત્નશીલ રહેશે.

આપને મંદિરનાં નિર્માણ માટેનાં અંદાજીત ખર્ચાઓની અગાઉથી વાકેફ કરેલ છે, તેમ છતાં ફરી આ બાબતે આપને માહિતી આ સાથે રજુ કરી છે.

નિયમ મુજબ કુલ ૭,૦૦૦ ચો. ફુટનું બાંધકામ મળી શકે, આપણી જરૂરિયાત માટે વધારાની ટી.ડી.આર. ૭૦૦૦ ચો.ફુટ જેટલી બહારથી વેચાણ લેવાની રહેશે.

કુલ ૧૪,૦૦૦ ચો.ફુટ જેટલો બિલ્ટઅપ એરીયા રહેશે, આ માટે અંદાજીત ખર્ચો રૂા. ૭ કરોડ જેટલો થશે, કુલ-૩૬ જેટલા રૂમોની સુવિધા પ્રાપ્ત થશે.

| | | |
|---|---|---|
| ગ્રાઉન્ડ ફ્લોર | મંદિર, વહીવટી ઓફિસ, યાત્રી લિફ્ટ-૨, કાર લીફ્ટ-૧, દાદર. | |
| પ્રથમ માળ | કાર પાર્કીંગ માટે | |
| બીજો માળ | ડાયનીંગ હોલ, કીચન, ઓફિસ, લગેજરૂમ | |
| ત્રીજો-ચોથો-પાંચમો-છઠ્ઠો માળ (ફ્લોર દીઠ ૮ રૂમ) | ૩૨ રૂમ | કુલ-૩૬ રૂમ |
| સાતમો માળ | ૦૨ રૂમ | |

આ ઉપર જણાવ્યા મુજબ આપણે આપણું મંદિર સાકાર કરવા નિર્ધાર કરેલ છે. આ ભગિરથ કાર્ય આપનાં સહકાર વગર શક્ય બનવાનું નથી.

આ માટે હમો આપ સૌને નમ્ર ભાવે અપીલ કરી આપનો સાથ-સહકાર મળી રહે તેવી વિનંતી કરીએ છીએ.

આ માટે જ્યાં-જ્યાં પણ (પનામા, યુ.કે., ઝામ્બીયા તથા અન્ય દેશો) ભક્તજનો પરદેશમાં રહે છે ત્યાં જે તે દેશની એક અગર વિભાગવાર કમિટીની રચના કરીએ.

વિશેષ કરીને અમેરિકામાં મહદ્અંશે આપણો સમાજ સ્થિર થયો ત્યાં મહત્તમના જે બે અંગો છે **(૧) શ્રી રામકબીર મંદિર–કારસન. (૨) શ્રી રામકબીર ભક્ત સમાજ ઓફ યુ.એસ.એ.** અને તેના વિભાગીય એકમો અને શક્ય હોય તો આ બે મુખ્ય અંગો સાથે જે તે વિભાગમાં સક્રિયતાથી રસ લઇ શકે તેવા મિત્રોને સાંકળી આ કાર્યને પૂર્ણ કરવા આપણ અધિકૃત કરીએ, હમોને વિશ્વાસ છે આ કાર્યને વેગ આપવા માટે રામકબીર મંદિર ટ્રસ્ટ, સુરત જે જવાબદારી સોંપવા વિનંતી કરે છે, તેનો સહર્ષ સ્વીકાર કરી ઉત્તરદાયિત્વ નિભાવશે.

પરદેશ સ્થિત મિત્રો પોતાનું દાન શ્રી રામકબીર મંદિર ટ્રસ્ટ-સુરતના નામે આપશે, જે મિત્રોને ભારતમાં એન.આર.આઇ. એકાઉન્ટ હોય, તેઓ પોતાના એકાઉન્ટમાંથી સીધા મંદિરને દાન આપી શકે છે, જે મિત્રોને આ સુવિધા ન હોય તે મિત્રો જે બે મુખ્ય અંગો અમેરીકામાં છે, તેમને મુંબઇ મંદિરના નિર્માણ માટેના હેતુસર નાણાં આપી શકે છે. આ અંગો દ્વારા ભારતમાં શ્રી રામકબીર મંદિર ટ્રસ્ટ સુરતને ટ્રાન્સફર કરી શકશે. F.C.R. માટેની પરવાનગી માટેની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

આપણા આ કાર્યને પહોંચી વળવા માટે ભારતસ્થિત ભક્તજનોને દાન માટે જબરદસ્ત પ્રતિસાદ મળ્યો છે, જેથી આ કાર્યને આપણે સૌ આપણાં સહિયારા પ્રયાસોથી પહોંચી વળીએ તે માટે હમારી આપને વિનંતી એક ફેમીલી દીઠ રૂા. ૫,૦૦,૦૦૦/- (પાંચ લાખ) જેટલી રકમ અને ૧૦૦ જેટલી ફેમિલી આ માટે આગળ આવશે તો હમોને લાગે છે, આ કાર્ય અત્યંત સરળતાથી પૂર્ણ કરીશું, સમાજનાં તમામ ભક્તજનો આ માત્રામાં ભાગિદાર થાય તેવી હમારી આપને સહૃદય લાગણી છે.

આપનાં સહકારની અપેક્ષા સહ...

**મર જાઉં માંગું નહિં, અપને તન કે કાજ ।**
**પરમારથ કે કારન કો, માહિ ન આવૈ લાજ ॥**

**(અર્થાત્: ''પોતાના સ્વાર્થ માટે કે ઉપયોગ માટ કોઇની પાસે હાથ લંબાવુ નહિં, એના કરતા તો હું મરવાનું પસંદ કરૂં, પરંતી બીજાની સેવા કરવા માટે મદદ લેવાની હોય તેમાં હું સંકોચ ન રાખુ કે શરમાઉં નહિં...'')**

**લિ.**

**હમો છીએ.**

**પ્રમુખ–મંત્રીશ્રીઓ–ટ્રસ્ટી કારોબારી સદ્સ્યો.**

**રામકબીર મંદિર ટ્રસ્ટ, સુરત.**